આજની પ્રાર્થના....
અમ તિમિરે તવ તેજ જગવજે, અમ રુધિરે તવ રવ પેટવજે, અમ અંતરમાં તવ પદ ધરજે

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૩૬ | ૨૬ જુલાઈ, ૨૦૨૧, સોમવાર; અષાઢ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોના ગયો નથી, ઉજવણીમાં ધ્યાન રાખીએ : મોદી

**વડાપ્રધાન મોદીએ ૭૯મી વખત મન-કી-બાત થકી દેશવાસીઓને સંબોધ્યા : કોરોના ગયો તેવું માનનારા લોકોને મોદીએ કોરોના ગયો નથી તે યાદ કરાવ્યું : દરેક દેશવાસીએ આજે 'ભારત જોડો આંદોલન'નું નેતૃત્વ કરવાનું છે, આપણે નેશન ફર્સ્ટ, ઓલ્વેઝ ફર્સ્ટના મંત્ર સાથે આગળ વધવાનું છે, દેશના વિકાસ માટે એકજૂટ થવાની જરૂર**



ન્યુ દિલ્હી,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારના રોજ પોતાના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાતના ૭૯મા કાર્યક્રમમાં રાષ્ટ્રની જનતા પાસે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ૨૭ જૂનના રોજ વડાપ્રધાન મોદીએ ગત 'મન કી બાત'ના સંબોધનમાં લોકોને રસી લેવા વિનંતી કરી હતી. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, રસી લીધા બાદ ઘણા લોકોને થોડા કલાકો માટે નજીવો તાવ આવે છે. આવા કપરા સમયે રસી ન લેવી તે તમારા પરિવાર અને ગામ માટે વધુ જોખમી સાબિત થઈ શકે છે. જ્યારે વડાપ્રધાન મોદીએ ૭૯મી મન કી બાતમાં ટોક્યો ઓલિમ્પિક્સ ૨૦૨૦માં ભારતનું પ્રતિનિધિત્વ કરનારી ટીમનો ઉત્સાહ વધારવા માટે પણ લોકોને તાકીદ કરી હતી.

વડાપ્રધાન મોદીએ ૭૯મી મન કી બાતમાં જણાવ્યું કે, આવનારા તમામ તહેવારો માટે હું આપ સૌને અભિનંદન પાઠવું છું. તહેવારો અને ઉમંગ વચ્ચે યાદ રાખજો કે, કોરોના હજૂ ગયો નથી. તહેવારોની ઉજવણી વચ્ચે કોરોના ગાઈડલાઈનનું કડક રીતે પાલન કરવાનું છે.

● અનુસંધાન પાન-૭ પર

## વર્લ્ડ કુશ્તી ચેમ્પિયનશિપમાં પ્રિયા મલિકે ગોલ્ડ મેડલ જીત્યો

**હંગેરીના બુડાપેસ્ટની સ્પર્ધામાં ઈતિહાસ રચ્યો : પ્રિયાએ વર્લ્ડ કેડેટ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બેલારુસની પહેલવાને ૫-૦થી હરાવી સુવર્ણ પદક પોતાના નામે કર્યું**



નવી દિલ્હી, તા.૨૫

ટોક્યો ઓલિમ્પિકમાં મીરાબાઈ ચાનુએ સિલ્વર મેડલ જીતીન ભારતનું નામ રોશન કર્યું છે, ત્યારે પહેલવાન પ્રિયા મલિકે હંગરીમાં આયોજિત વિશ્વ કુશ્તી ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. હરિયાણાની પ્રિયા મલિકે હંગરીના બુડાપેસ્ટમાં થયેલી વિશ્વ કેડેટ કુશ્તી ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

પ્રિયાએ વર્લ્ડ કેડેટ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બેલારુસની પહેલવાને ૫-૦થી હરાવીને સુવર્ણ પદક પોતાના નામે કર્યું છે. આ પહેલા પ્રિયાએ ૨૦૧૯માં પુનામાં ખેલો ઈન્ડિયામાં સુવર્ણ પદક, દિલ્હીમાં ૧૭મી સ્કૂલ ગેમ્સમાં સુવર્ણ પદક અને ૨૦૨૦માં પટનામાં નેશનલ કેડેટ ચેમ્પિયનશિપમાં સુવરણ પદક જીત્યો હતો.

પ્રિયા મલિકની શાનદાર જીત પર લોકો તેને શુભકામના પાઠવી રહ્યા છે. હરિયાણાના ખેલ મંત્રીએ પણ તેને શુભકામનાઓ પાઠવી છે અને તેને હરિયાણાની દીકરી કહીને સંબોધી. ટોક્યો ઓલિમ્પિક પર આખા દેશની નજર છે ત્યારે પ્રિયા

● અનુસંધાન પાન-૭ પર

## મધ્ય પ્રદેશ-કર્ણાટકમાં વિજળી પડતાં ૧૪નાં મોત

બેંગ્લુરુ/ભોપાલ,તા.૨૫

દેશભરમાં વરસાદી ઝાપટા પડયા હતા. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્ણાટક જેવા રાજ્યોમાં વરસાદી ઘટનાઓના કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. મધ્યપ્રદેશમાં વીજળી પડવાના બનાવોમાં પાંચનાં મોત થયા હતા. ૧૮થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. કર્ણાટકમાં ભારે વરસાદમાં નવનાં મોત થયા હતા. મહારાષ્ટ્રમાં મૃત્યુઆંક વધીને ૧૧૨ થયો હતો.

મધ્યપ્રદેશના પન્ના જિલ્લામાં આકાશી વીજળી પડવાની ગોઝારી ઘટનાઓમાં પાંચનાં મોત થયા હતા અને ૧૮ કરતાં વધુને ઈજા પહોંચી હતી. પન્ના જિલ્લાના ઉરેહા, પિપરિયા, દૌન, સિમરાખુર્દ જેવા ગામડાંઓમાં આકાશી વીજળી ત્રાટકી હતી. એ ઘટનાઓમાં પાંચનો જીવ ગયો હતો અને ૧૮થી વધુ દાઝી ગયા હતા.

**પન્ના જિલ્લાના ઉરેહા, પિપરિયા, દૌન, સિમરાખુર્દ જેવા ગામડાંઓમાં આકાશી વીજળી ત્રાટકી હતી. એ ઘટનાઓમાં પાંચનો જીવ ગયો હતો અને ૧૮થી વધુ દાઝી ગયા હતા**

બીજી તરફ કર્ણાટકમાં ભારે વરસાદ પડયો હતો. તોફાની પવન સાથે ત્રાટકેલા વરસાદમાં નવ લોકોનાં મૃત્યુ થયા હતા. ત્રણ લાપતા બની ગયા છે. કર્ણાટકના સાગરકાંઠાના વિસ્તારમાં તોફાની પવન અને ભારે વરસાદના કારણે ઠેર-ઠેર પાણી ભરાઈ ગયું હતું.

જમીન ધસી પડવાના બનાવો પણ બન્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાં રહેતાં ૩૫ હજાર લોકોનું સ્થળાંતર કરાયું હતું. ૨૨ હજાર લોકોને આશ્રયગૃહોમાં જગ્યા આપવામાં આવી હતી. ૩૦૦ જેટલાં લોકોને રાહત કેમ્પોમાં શરણું અપાયું હતું.

રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના કહેવા પ્રમાણે રાજ્યના ૪૫ તાલુકાના ૨૮૩ ગામડાં પ્રભાવિત બન્યા હતા અને એ ગામડાંઓમાં રાહત કામગીરી શરૂ કરવામાં આવી હતી. ભારે વરસાદ, ભૂસ્ખલન જેવી ઘટનાઓના કારણે ૨૬૦૦ મકાનોને નુકસાન થયું હતું.

ઉભા પાકને ભારે નુકસાન થયું છે. એક અંદાજ પ્રમાણે ૫૯ હજાર હેક્ટરમાં ઉભો પાક નાશ પામ્યો છે. ૫૫૫ કિલોમીટરનો રસ્તો ધોવાઈ ગયો છે.

## મેરીકોમનો એકાવન કિલો ફ્લાઈવેટમાં આસાન વિજય

**વધુ મેડલ માટે આશા જીવંત રાખતી મહિલા બોક્સર : રાઉન્ડ ૩૨ સ્પર્ધામાં ડોમિનિકા ગણરાજ્યની મિગુએલિના હર્નાંડિઝ ગાર્સિયાને આસાનીથી પછડાટ આપી હતી**

ટોક્યો, તા.૨૫

ટોકિયો ઓલિમ્પિકમાં ૭ વખત વર્લ્ડ ચેમ્પિયન રહેલી એમસી મેરીકોમે ૫૧ કિલો



ફ્લાઈવેટ ગ્રુપમાં રાઉન્ડ ૩૨ સ્પર્ધામાં ડોમિનિકા ગણરાજ્યની મિગુએલિના હર્નાંડિઝ ગાર્સિયાને આસાનીથી પછડાટ આપી દીધી છે. મેરીકોમે ગાર્સિયાને ૪-૧ સેટથી હરાવી દીધી છે. આગામી રાઉન્ડમાં મેરીકોમનો સામનો ત્રીજી સીડ લોરેના વિક્ટોરિયા વેલેન્સિયાની હોઈ શકે છે.

મેરીકોમ બીજી વખત ઓલિમ્પિકમાં ભાગ લઈ રહી છે. લંડન ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનારી મેરીકોમ ૩ બાળકોની માતા છે. મેરીકોમ ટોકિયોમાં ૫૧ કિલોગ્રામ કેટેગરીમાં ભાગ લઈ રહી છે. મણિપુરની ૩૮ વર્ષની મેરીકોમ ટોકિયો ઓલિમ્પિક સેરેમનીમાં ભારતીય સ્પોર્ટ્સ ગ્રુપની ધ્વજવાહક હતી. માર્ચ ૨૦૨૦માં એશિયા/ઓસનિયા ક્વોલિફાયરથી સેમીફાઈનલમાં પહોંચવાની સાથે મેરીકોમે ટોકિયો ઓલિમ્પિકમાં આગળ રમવા માટેનો રસ્તો પણ સાફ કરી દીધો હતો. મેરીકોમનો આ લગભગ અંતિમ ઓલિમ્પિક છે.

ટોકિયો ઓલિમ્પિક ભલે એક વર્ષ માટે ટળી ગયો હતો, પરંતુ લોકડાઉનમાં પણ કોચે ખેલાડીઓને રોજ તૈયારી કરાવી હતી. મેરીકોમના કોચ છોટેલાલ યાદવે જણાવ્યું હતું કે હમણાં ભલે મેરીકોમની સાથે નથી, પરંતુ રોજ વિડીયો કૉલ દ્વારા તેઓ તેને ટિપ્સ આપતા હતા. માત્ર મેરીકોમ જ નહીં પરંતુ બાકી ખેલાડીઓને પણ તેમણે આ રીતે તૈયાર કર્યા હતા.

કપરી પરિસ્થિતિમાંથી બહાર આવીને મેરીકોમે ભારત માટે બોક્સિંગ રમવાનું શરુ કર્યું અને તેના જુસ્સાએ તેને સારી શરુઆત અપાવી અને તેણે ઓલિમ્પિકમાં પણ મેડલ જીતીને ભારતનું નામ રોશિન કર્યું છે.

## કોકડું ઉકલ્યું : રાજસ્થાનમાં ૨૮મીએ મંત્રીમંડળનું વિસ્તરણ કરાશે

જયપુર,તા.૨૫

રાજસ્થાનમાં સીએમ અશોક ગેહલોત અને સચિન પાયલોટ વચ્ચે વિવાદને ખતમ કરવાના પ્રયત્ન કોંગ્રેસ હાઈકમાન્ડ તરફથી જાહેર કરી છે. જયપુરમાં આજે (રવિવારે) કોંગ્રેસ ધારાસભ્યો અને પાર્ટી પ્રદેશ કાર્યકારિણી પદાધિકારીઓની એક બેઠક થઈ. આ મીટિંગમાં કોંગ્રેસનું સમર્થન કરી રહેલા કેટલાક અપક્ષ ધારાસભ્યો અને સચિન પાયલોટના જૂથના ધારાસભ્ય પણ સામેલ થયા.

સૂત્રોના અનુસાર રાજસ્થાનમાં મંત્રીમંડળનું વિસ્તરણ ૨૮ જુલાઈના રોજ થઈ શકે છે. પીસીસીની બેઠકમાં ધારસભ્યોને ૨૮ જુલાઈના રોજ જયપુરમાં રહેવાના નિર્દેશ આપ્યા છે. ૨૮ જુલાઈના રોજ અજય માકન ધારસભ્યોની બેઠક લઈ શકે છે.

પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે બેઠક અચાનક બોલાવવાના લીધે તે ધારાસભ્ય અને પાર્ટી પદાધિકારી તેમાં જોડાયા જે જયપુરમાં અથવા આસપાસ હતા. તે પહેલાં ડોટાસરાએ ધારાસભ્ય દળની બેઠકન સમાચારોને નકારી કાઢ્યા હતા.

## જમ્મુ-કાશ્મીરના કુલગામમાં સેનાએ એક આતંકીને ઠાર કર્યો

કુલગામ,તા.૨૫

જમ્મુ-કાશ્મીરના કુલગામના મુનંદમાં ૨૫ જુલાઈની સવારથી સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એક્કાઉન્ટર ચાલી રહ્યું છે. જમ્મુ-કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર મુનંદમાં ચાલી રહેલા એક્કાઉન્ટરમાં એક આતંકીને ઠાર કરવામાં આવ્યો છે. હાલ પોલીસ અને સુરક્ષાકર્મીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. હજૂ સુધી મૃતક આતંકવાદીની ઓળખ થઈ શકી નથી. આ સાથે આસપાસના વિસ્તારમાં એક એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

પોલીસ અને સેનાની સંયુક્ત ટીમ દ્વારા મુનંદ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. ગુપ્તચર વિભાગ દ્વારા પોલીસ અને સુરક્ષા દળોને આ વિસ્તારમાં આતંકવાદીઓ છૂપાયા હોવાની માહિતી આપવામાં આવી હતી.

## દેશમાં ૨૪ કલાકમાં નવા ૩૯,૭૪૨ કેસ

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૯,૭૪૨ નવા કેસો નોંધાયા છે અને સંક્રમણના કારણે ૫૩૫ નવા મોત થયા છે. દેશમાં હવે પોઝિટિવ કેસોની સંખ્યા ૩,૧૩,૭૧,૯૦૧ છે. જ્યારે મૃત્યુ આંકની કુલ સંખ્યા ૪,૨૦,૫૫૧ પર પહોંચી ગઈ છે. તે સમયે છેલ્લા ૨૪ કલાકમાં ૩૯,૯૭૨ દર્દીઓને રજા આપવામાં આવી છે. દેશમાં સક્રિય કેસની કુલ સંખ્યા ૪,૦૮,૨૧૨ છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસની ૫૧,૧૮,૨૧૦ રસી આપવામાં આવી હતી. જે પછી કુલ રસીકરણનો આંકડો ૪૩,૩૧,૫૦,૮૬૪ હતો.

આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહમાં રવિવારે કોરોનાનો એક પણ નવો કેસ નોંધાયો નથી.

## મેન્સ હૉકીમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતનો ૭-૧થી કારમો પરાજય

ટોક્યો, તા.૨૫

ઓલિમ્પિક્સમાં શાનદાર વિજયી શરૂઆત કરનારી ભારતીય મેન્સ હોકી ટીમને રવિવારે ઓસ્ટ્રેલિયા સામે કારમા પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પૂલ-એની બીજી મેચમાં ભારતને ઓસ્ટ્રેલિયા સામે ૧-૭થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ શરૂઆતથી જ આક્રમક રમત દાખવી હતી અને ભારતીય ખેલાડીઓને કોઈ જ તક આપી ન હતી. ડેનિયલ બેઆલેએ ૧૦મી મિનિટે જ ગોલ નોંધાવીને ઓસ્ટ્રેલિયાને પ્રથમ સફળતા અપાવી હતી. પ્રથમ ક્વાર્ટરમાં ઓસ્ટ્રેલિયા ૧-૦થી આગળ હતી. જોકે, બીજા ક્વાર્ટરમાં ઓસ્ટ્રેલિયાએ સપાટો બોલાવી દીધો હતો. જેરેમી હેવર્ડે ૨૧મી, ફલીન ઓગિલ્વિએ ૨૩મી અને જોશુઆ બેલ્ટ્ઝે ૨૬મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા. પ્રથમ હાફના અંતે ઓસ્ટ્રેલિયાએ ૪-૦ની સરસાઈ મેળવી લીધી હતી. જોકે, બીજા હાફમાં પણ તેની આક્રમક રમત અટકી ન હતી. ભારતની નબળાઈનો ફાયદો ઉઠાવતા ઓસ્ટ્રેલિયાએ બીજા હાફમાં પણ ત્રણ ગોલ નોંધાવી દીધા હતા. જેમાં બ્લેક ગોવર્સે ૪૦મી અને ૪૨મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા. જ્યારે અંતિમ ગોલ ટિમ બ્રાન્ડના નામે રહ્યો હતો જે તેણે ૫૧મી મિનિટે નોંધાવ્યો હતો.

**પ્રથમ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને હરાવ્યું હતું, હવે ભારતનો આગામી મુકાબલો મંગળવારે સ્પેન સામે થશે**

ભારત માટે એકમાત્ર ગોલ દિલપ્રીત સિંહે નોંધાવ્યો હતો. દિલપ્રીત સિંહે ૩૪મી મિનિટે ગોલ નોંધાવ્યો હતો. અગાઉ પ્રથમ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડ સામે ૩-૨થી વિજય નોંધાવ્યો હતો. મનપ્રીત સિંહની આગેવાનીવાળી ભારતીય ટીમ હવે મંગળવારે સ્પેન સામે રમશે.




## ગાંધીનગરમાં સોનેરી તક

- ગાંધીનગર સેક્ટર - ૨૮ ગાર્ડન ક્રાફ્ટવીલામાં ૪૫ દુકાનો માસિક રૂ. ૭૫૦૦ થી ૧૦,૦૦૦ ભાડાથી આપવાની છે. દુકાન ભાડે રાખવા રસ ધરાવતા વ્યક્તિએ વિગતો સીલબંધ કવરમાં નીચેના એડ્રેસ પર મોકલવાનું રહેશે.
- ગાંધીનગર સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ પાર્ટીપ્લોટનાં સંચાલન કરવા માટેની ઓફર નીચેના સરનામાં પર સીલબંધ કવરમાં મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ ફુડ કોર્ટ ભાડાથી ચલાવવાની ઓફર સીલબંધ કવરમાં નીચે લખેલ સરનામાં પર મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ રેસ્ટોરેન્ટ ચલાવવાની ઓફર સીલબંધ કવરમાં નીચે લખેલ સરનામાં પર મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડન ગાંધીનગર ખાતે જાહેરાત માટેનો હક્ક લેવા માટેની ઓફર સીલબંધ કવરમાં નીચેના સરનામાં પર મોકલવાનું રહેશે.

નોંધ -

૧. સ્થળ જોવા માટેનો સમય - બપોરે ૧:૦૦ થી ૫:૦૦ નો રહેશે
૨. રસ ધરાવતા વ્યક્તિએ પોતાનું નામ, સરનામું, મોબાઇલનં, ધંધાનો પ્રકાર અને ઓફરની વિગત સાથે સીલબંધ કરીને નીચે દર્શાવેલ સ્થળ મોકલવાનું રહેશે.
૩. સીલબંધ કવર નીચે દર્શાવેલ સ્થળ પર દિન -૭માં મોકલવું

- કવર મોકલવા માટેનું સ્થળ -
સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર
સંપર્ક- ૯૮૨૪૪ ૭૮૮૬૭